# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૭ (A) તા.૨૦-૯ -૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ધો.૬ થી ૮નાં વિદ્યાર્થીઓને ઓકટોબર-૧૭માં લેવાનાર પ્રથમ સત્રાંત પરીક્ષાનાં પ્રશ્નોનાં જવાબો લખવા માટેની ઉત્તરવહીઓની વહેંચણી જમાલપુર શા.નં.૪, આસ્ટોડીયા રોડ ખાતે આવેલ સ્ટોર વિભાગમાં નીચે જણાવ્યા પ્રમાણે ઝોન તારીખ અને સમયે રાખેલ છે.

| ઝોન | તારીખ/વાર |
|---|---|
| ઉત્તર-દક્ષિણ-હિન્દી | ૨૧-૯-૧૭ / ગુરૂવાર |
| પૂર્વ-પશ્ચિમ-ઉર્દૂ-મધ્ય | ૨૨-૯-૧૭ / શુક્રવાર |

ઉત્તરવહીઓ મેળવવા માટે નીચે મુજબનો રીપોર્ટ લાવવાનો રહેશે.

શાળાનું નામ........................ ઝોન................

| ધોરણ | સંખ્યા |
|---|---|
| ૬ | |
| ૭ | |
| ૮ | |
| કુલ : | |

ઉત્તરવહી લઈ જનાર શિક્ષકનુ નામ : શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીની સહી / સિક્કો

સહીઃ

ઉત્તરવહી લેવા શાળા સમય સિવાય આવવું.

ઉત્તરવહી લેવા આવવાનો સમયમાં સવારે ૯.૦૦ થી ૪.૦૦

તા.૨૦-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૭ (B) તા.૨૦-૯ -૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ડીજીટલ ગુજરાત પોર્ટલ પરની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય યોજનાની ઓનલાઈન વર્ષ ૨૦૧૭-૧૮ની પ્રપોઝલની કામગીરી તાત્કાલિક કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : શિષ્યવૃત્તિ/૨૦૧૭-૧૮/૮૨૨૭-૬૦ નિયામકશ્રી, પ્રા.શિ.ની કચેરીનો તા.૧૯-૯-૧૭નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સંદર્ભિત પત્ર આ સાથે સામેલ છે. જે અનુસાર જે વિદ્યાર્થીઓની ઓનલાઈન દરખાસ્ત કરેલ છે તેઓના નાણાં જમા કરવાની પ્રક્રિયા ચાલુ છે. જે વિદ્યાર્થીઓની એન્ટ્રી ન કરેલ હોય તેવા જ વિદ્યાર્થીની ફકત એન્ટ્રી કરવાની થાય છે અને જે વિદ્યાર્થીઓના નામ મીસમેચ બતાવે છે તેવા વિદ્યાર્થીઓની ફરીથી ઓનલાઈન દરખાસ્ત તૈયાર થવા બાદ સમાજ કલ્યાણ ખાતે હાયર ઓથોરિટીને તાત્કાલિક સેન્ડ કરવી. સદરહુ કામગીરી તા.૩૦-૯-૧૭ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. અગાઉ આ અંગે વારંવાર પરિપત્ર દ્વારા તેમજ મૌખિક સૂચના દ્વારા જાણ કરવા અત્રેથી જણાવવામાં આવેલ પરંતુ કેટલીક શાળાઓ આ બાબતે ગંભીરતા ન લઈ કામગીરી પૂર્ણ કરેલ નથી તેવી શાળાઓએ આ બાબતની ગંભીર નોંધ લઈ સમયમર્યાદામાં આ કામગીરી પૂર્ણ કરવાની રહેશે. આમ તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ આ સાથેના પરિપત્ર મુજબની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવી અન્યથા ઉપસ્થિત થનાર પરિસ્થિતી માટે જવાબદારી જે-તે મુખ્ય શિક્ષકશ્રીની રહેશે.જેની નોંધ લેશો.

તા.૨૦-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ખાસ જરૂરી
તાત્કાલિક
**Digital Gujarat Portal**

ક્રમાંક/ શિષ્યવૃતિ/૨૦૧૭-૧૮/૪૨૨૭-૬૦
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોકનં:૧૨, જિ. ગાંધીનગર
તા. ૧૯/૦૯/૨૦૧૭

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ

વિષયઃ- **Digital Gujarat Portal** પરની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાની **Online** વર્ષ ૨૦૧૭-૧૮ની પ્રપોઝલોની કામગીરી પ્રાથમિક શાળાઓ મારફતે તાત્કાલિક કરાવવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળના **Director, Developing Caste Welfare** (નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ) ખાતાની સામાજિક અને શૈક્ષણીક રીતે પછાતવર્ગ **(S.E.B.C.)**, આર્થિક રીતે પછાતવર્ગ **(E.B.C.)**, વિચરતી અને વિમુક્તિ જાતિ **(NTDNT)** તેમજ લઘુમતી **(Minority)** જાતિની કુલ -૧૧ યોજનાઓ, **Director, Schedule Caste Welfare** (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ) ખાતાની અનુસૂચિત જાતિ **(SC)**ના વિદ્યાર્થીઓની કુલ-૬ યોજના, **Director, Social Defence** (નિયામકશ્રી, સમાજ સુરક્ષ) ખાતાની કુલ-૩ યોજનાઓ તેમજ સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હેઠળના **Commissioner, Tribal Development** (કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ) ખાતાની અનુસૂચિત જન જાતિ **(ST)**ના વિદ્યાર્થીઓની કુલ-૩ યોજના એમ કુલ મળી ત્રણેય ખાતાની કુલ-૨૩ યોજનાઓનો ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮થી અમલ કરવામાં આવેલ છે. સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાના ધો:૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના બેંક ખાતામાં શિષ્યવૃતિ / ગણવેશ સહાય જમા કરવાની પ્રકિયા ચાલુ છે. જેમા નીચે મુજબની બાબતો હવેથી આચાર્યો મારફતે બાકી રહેતા વિદ્યાર્થીઓની **Online** પ્રપોઝલો મોકલવા કાર્યવાહી કરવાની થાય છે.

૧. જે તે શાળાના આચાર્યશ્રીના **Digital Gujarat Portal Login**માં જે વિદ્યાર્થીઓના પોર્ટલ પર બેન્ક વેરીફીકેશન થયેલા (૧) બેન્ક એકાઉન્ટ વેરીફીકેશનના વિદ્યાર્થીઓ (૨) નામ **Mismatch** ના વિદ્યાર્થીઓની **Tag** હાલ **Login** કરીને બતાવે તેવા વિદ્યાર્થીઓએ જે તે લાગુ પડતી યોજનામાં પ્રથમ શિષ્યવૃત્તિની પ્રપોઝલ અને ત્યાર બાદ ગણવેશ સહાયની પ્રપોઝલો કાળજી પૂર્વક બનાવી **Online** દરખાસ્ત તૈયાર થયા બાદ **Higher Authority** ને **Send** તાત્કાલિક કરવાની રહેશે.

૨. વર્ષ ૨૦૧૭-૧૮માં ધોરણ-૧, ધોરણ-૬ કે કોઇપણ ધોરણના વિદ્યાર્થીઓની એકપણ વાર શિષ્યવૃત્તિ માટે **Entry** ન કરી હોય તેવા વિદ્યાર્થીઓની ફક્ત **Entry** ની કામગીરી તા.૩૦/૦૯/૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવી, ફકત **Entry** કરવાની છે. નવા દાખલ થયેલાની **Entry**ના વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટના વેરીફીકેશન બાદ જ્યારે **Login**માં બેન્ક વેરીફીકેશન **Tag** આવે ત્યારે પ્રપોઝલો બનાવવાની છે. નવી **Entry**ના વિદ્યાર્થીઓની હાલ પ્રપોઝલો બનાવવાની નથી. ફકત **Entry** કરવાની થાય છે.

ઉપરોકત બાબતોએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએજે તે ખાતા જિલ્લાના સંલગ્ન અધિકારીશ્રીના સંપર્કમાં રહીને તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બી.આર.સી., સી.આર.સી. દરેક પ્રાથમિક શાળાના આચાર્યશ્રીને તાત્કાલિક જરૂરી પરીપત્રથી સુચના આપી સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુજરાત રાજય, ગાંધીનગર